અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના
આઉટસોર્સ મહેકમની મુદત લંબાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SJED/Mis/e-file/17/2025/2862/A Section
સચિવાલય,ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૨/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક : **SJED/CFO/e-file/17/2022/0002/A Section**

(૨) સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનુ પંચનો તા.૨૦/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃઅપવ/પંચ/મકમ/૨૦૨૫/૬૦૨.

<u>ઠરાવઃ-</u>

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ વિભાગના તા.૧૮/૦૨/૨૦૨૫ ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરની કચેરીની આઉટસોર્સ મહેકમની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત મંજૂરીની મુદત પૂર્ણ થનાર હોઇ, અન્ય પછાત વર્ગો માટેનું પંચના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ના તા.૨૦/૧૧/૨૦૨૫ ના પત્રથી પંચ ખાતેની કુલઃ-૦૮ આઉટસોર્સ જગ્યાઓની વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર ખાતેની કુલ-૦૮ આઉટસોર્સ જગ્યાઓને નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના મહેનતાણાના દરે તેમજ નિમ્નલિખિત શરતોને આધીન મુદ્દત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| અનુ. | જગ્યાનું નામ | સંખ્યા | મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | ડ્રાઈવર | ૧ | માસિક રૂ. ૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૨ | પટાવાળા (આઉટસોર્સથી) | ૫ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૨૭/03/૨૦૨3 ના જાહેરનામા તથા તેને આનુષાંગિક ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબ |
| 3 | સંશોધન મદદનીશ(આઉટસોર્સથી) | ૧ | માસિક રૂ. ૨૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |
| ૪ | રેકર્ડ કીપર (આઉટસોર્સથી) (નવી જગ્યા) | ૧ | માસિક રૂ. ૧૬,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) |

| | | |
|---|---|---|
| | કુલઃ- | ૦૮ |

<u>શરતોઃ-</u>

(૧) આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવર માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંકઃ-શ્ર.આ.૬/ટે.૩/૧૯૯/૨૦૨૩માં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૩) આ આઉટસોર્સ જગ્યાઓની મુદત પુરી થવાના બે માસ પહેલા સદરહુ જગ્યાઓની કામગીરીની સમીક્ષા કરી, જો આ સેવાઓની વધારે સમય માટે જરૂરિયાત જણાય તો નાણા વિભાગની પૂર્વમંજૂરી મેળવાની રહેશે.

(૪) આઉટસોર્સ અંગે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯/૧૨/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેકટર-૧૯, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Samir Garasia
Section Officer
Date:2025.12.23
13:58:45 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign